165

જે અધિકારીઓ/કર્મચારીઓની બઢતીના કેસોમાં મહોરબંધ પરબીડિયામાં કાર્યરીતિ અપનાવવામાં આવી હોય અને જેમના કેસોમાં તેમની સામેની શિસ્ત વિષયક /ફોજદારી કાર્યવાહી લાંબા સમયથી પડતર હોય તે અધિકારીઓ/કર્મચારીઓને એડહોક ધોરણે બઢતીઓ આપવા અંગે

ગુજરાત સરકાર,
સામાન્ય વહીવટ વિભાગ,
ઠરાવ ક્રમાંક:-એસએલટી/૧૦૮૦૪/૮૯૫/ગ.૨,
તારીખ:- ૧૪/૦૬/૨૦૧૬.

વંચાણે લીધો:-

(૧) સામાન્ય વહીવટ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૨/૦૪/૧૯૮૩ નો ઠરાવ

(૨) સામાન્ય વહીવટ વિભાગનો સમાન ક્રમાંકનો તા.૩૦/૧૦/૧૯૯૩નો ઠરાવ

**ઠરાવ**

સામાન્ય વહીવટ વિભાગના ઉપર વંચાણે લીધેલ ક્રમ-૧ અને ૨ સામેના ઠરાવની જોગવાઇ અનુસાર ખાતાકીય તપાસ / ફોજદારી કેસમાં બે વર્ષથી વધુ સમય થયેલ હોય તેમ છતાં ખાતાકીય તપાસ / ફોજદારી કેસ આખરી થયેલ ન હોય તો ખાતાકીય બઢતી સમિતિએ સબંધિત અધિકારી / કર્મચારીને એડહોક બઢતી આપવા માટેની સમીક્ષા કરવાની થાય છે. અને આ સમીક્ષા સા.વ.વિના તા.૨-૦૪-૧૯૮૩ના ઠરાવના ફકરા-૨ (૧) ના મુદ્દા- (a), (b) અને (c) અનુસાર કરવાની થાય છે. પરંતુ સરકારશ્રીના ધ્યાન ઉપર આવેલ છે કે, સચિવાલયના વિભાગો દ્વારા સામાન્ય વહીવટ વિભાગ / સરકારશ્રીના પરામર્શ માટે મળતી પસંદગી યાદીની દરખાસ્તો પૈકી મોટા ભાગની દરખાસ્તોમાં આ પ્રકારની સમીક્ષા થયેલી જોવા મળતી નથી અને જો સમીક્ષા કરેલ હોય તો માત્ર સા.વ.વિના તા.૨-૦૪-૧૯૮૩ના ઠરાવની જોગવાઇ અનુસાર સમીક્ષા કરેલ છે તે મુજબનો કાર્યવાહી નોધમાં ઉલ્લેખ જોવા મળે છે. આમ વિભાગો દ્વારા ઉકત ઠરાવોની સુચનાઓનો યોગ્ય રીતે અમલ કરવામાં આવતો નથી. આ સંજોગોમાં સા.વ.વિના તા.૨-૦૪-૧૯૮૩ના ઠરાવના ફકરા-૨ (૧) ના ત્રણ મુદ્દા મુજબ સમીક્ષા ન થવા અંગે તેમજ ખાતાકીય બઢતી સમિતિ દ્વારા એડહોક બઢતી માટે સમીક્ષા ન થવા બાબતે વિભાગોનું ધ્યાન દોરતાં જણાવવાનું કે જે અધિકારીઓ / કર્મચારીઓની સામેની ખાતાકીય તપાસ / ફોજદારી કેસમાં ખાતાકીય બઢતી સમિતિની બેઠક સમયે બે વર્ષ કે તેથી વધુ સમય વ્યતિત થયેલ હોય તેવા અધિકારીઓ / કર્મચારીઓના કેસોમાં સા.વ.વિના તા.૨-૦૪-૧૯૮૩ તથા તા.૩૦-૧૦-૧૯૯૩ના ઠરાવની જોગવાઇ અનુસાર એડહોક બઢતી માટેની સમીક્ષા કરવા અને આ સમીક્ષા સા.વ.વિના તા.૨-૦૪-૧૯૮૩ના ઠરાવના ફકરા-૨(૧) ના મુદ્દા- (a), (b) અને (c) અનુસાર અચુક કરવા સચિવાલયના સર્વે વિભાગોને આથી પુન:સુચના આપવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કે. એમ. અધ્વર્યુ)
અધિક સચિવ,
સામાન્ય વહીવટ વિભાગ,
ગુજરાત સરકાર

પ્રતિ,

માન.રાજ્યપાલશ્રીના સચિવશ્રી.

માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી.

તમામ માન.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ.

માન.વિરોધ પક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી.

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, માહિતી આયોગની કચેરી, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.

સચિવાલયના સર્વે વિભાગો-તેઓના વહીવટી નિયંત્રણ હેઠળના ખાતા / કચેરીઓના વડાઓના ધ્યાને યોગ્ય પ્રકારે મુકવાની વિનંતી સાથે.

સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ અને સર્વે અધિકારીઓ.

નાયબ સેકશન અધિકારી, સિલેકટ ફાઈલ.

વિશિષ્ટ ફાઈલ/ગ.૨ શાખા.

......................................

- પત્ર ધ્વારા